શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૯

# વીતરાગસ્તોત્ર

# સ્તુતિસંગ્રહ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

આજ્ઞા : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
અને પ. પૂ. આ. ભ. શ્રીમદ્
આશીર્વાદ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

સંપાદક : મુનિ ભવ્યસુંદરવિજય

પ્રકાશક : શ્રમણોપાસક પરિવાર
A/301, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ Mo. 98691 48094
shraman.parivar@gmail.com

આવૃત્તિ : પ્રથમ વર્ષ : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| મુંબઈ | પ્રકાશક |
|---|---|
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ
<u>રસથાળ</u>

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
બસ, સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ પંડિતવર્ય
મુનિરાજ શ્રી જયસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૨૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, વાચકો
અને મુમુક્ષુઓ સમક્ષ મૂકવાના
એમણે કરેલા આ સ્તુત્ય અને
સાર્થક પ્રયાસોની અનુમોદના
કરવા માટે તમામ શબ્દો ઓછા
પડે છે.

પણ સબૂર !
ઘોડાને જળ ભરેલા સરોવર
પાસે લઈ જઈ શકાય છે પણ
પાણી તો ઘોડાએ પોતે જ પીવું
પડે છે.

બસ, સંપાદક પૂજ્યોને એટલું
જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ
સ્વાધ્યાય માટેનો સ્વાદિષ્ટ રસથાળ
આપની રજૂ તો કરી દીધો છે પણ
તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા
એ સ્વાદિષ્ટ રસથાળના
દ્રવ્યોને આરોગવાનો પુરુષાર્થ
તો આપણે પોતે જ કરવો
પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો
આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને
નિર્મળ કરતા રહેવામાં હેવ.
શુભેચ્છાએ સફળ બનીએ એ
જ અંતરની શુભકામના સાથે

લિ.
રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્‌ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

-

**મુક્તિવલ્લભસૂરિ**

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્ભુત ગ્રંથોના અદ્ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિ.
વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,
મહાવીરનગર, હિંમતનગર.

## શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦/-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# વીતરાગસ્તોત્ર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | વીતરાગસ્તોત્ર સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | વીતરાગસ્તોત્ર |
| **આધારગ્રંથકર્તા** | : | (કલિકાલસર્વજ્ઞ) પ. પૂ. આ. ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. |
| **અનુવાદ આધાર** | : | પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી કૃત અનુવાદ |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | સંસ્કૃત, ગુજરાતી |
| **વિષય** | : | યોગ |

## कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचितम्
## श्रीवीतरागस्तोत्रम्

१/१ यः परात्मा परं ज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः, परस्तादामनन्ति यम् ।।१।।

જે શ્રેષ્ઠ આત્મા છે, શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપ છે, પરમેષ્ઠીઓમાં શ્રેષ્ઠ છે, (અજ્ઞાનરૂપ) અંધકારની પેલે પાર સૂર્ય જેવા તેજસ્વી મનાયા છે...

१/२ सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ।।२।।

જેમણે બધા જ કર્મરૂપી વૃક્ષો મૂળથી ઉખેડી નાંખ્યા છે, જેને સુર-અસુર અને મનુષ્યના રાજાઓ મસ્તક નમાવે છે...

१/३ प्रावर्त्तन्त यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः ।
यस्य ज्ञानं भवद्भावि-भूतभावावभासकृत् ।।३।।

જેમનામાંથી (મોક્ષ)પુરુષાર્થને સાધનાર વિદ્યાઓ પ્રવર્તી, જેમનું જ્ઞાન વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળના ભાવોને પ્રકાશનારું છે...

१/४ यस्मिन् विज्ञानमानन्दं, ब्रह्म चैकात्मतां गतम् ।
स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ।।४।।

જેમનામાં જ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકરૂપ બન્યા છે, તે જ શ્રદ્ધેય છે; તે જ ધ્યેય છે; હું તેમનું શરણ સ્વીકારું છું.

૧/૫ तेन स्यां नाथवाँस्तस्मै, स्पृहयेयं समाहितः ।
तत: कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ।।५।।

તેમનાથી હું સનાથ છું, સમાધિવાળો હું તેમને ઈચ્છું છું. તેમના થકી હું કૃતાર્થ થાઉં. તેમનો હું સેવક થાઉં.

૧/૬ तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ।।६।।

તેમની સ્તુતિ વડે મારી વાણીને પવિત્ર કરું. કારણકે એ જ આ સંસારમાં જીવોના જન્મનું ફળ છે.

૧/૭ क्वाहं पशोरपि पशुः ?, वीतरागस्तवः क्व च ? ।
उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ।।७।।

ક્યાં પશુમાં ય પશુ જેવો (પશુ કરતાં વધુ અજ્ઞાની) હું ? અને ક્યાં વીતરાગની સ્તુતિ ? એટલે પગે ચાલીને જંગલ પાર કરવા ઈચ્છતા લંગડા જેવી મારી સ્થિતિ છે.

૧/૮ तथाऽपि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यः स्खलन्नपि ।
विशृङ्खलाऽपि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते ।।८।।

તો પણ, શ્રદ્ધાથી મુગ્ધ એવા મારી ભૂલ થાય તો પણ મને ઠપકો ન આપવો. કારણકે અસંબદ્ધ વાણી પણ શ્રદ્ધાવાન્‌ની હોય તો શોભે છે.

१/९ श्रीहेमचन्द्रप्रभवाद्, वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ।।९।।

શ્રી હેમચંદ્રસૂરિએ બનાવેલ આ વીતરાગસ્તવથી કુમારપાળ રાજા ઈચ્છિત ફળને પામો.

~~ શરીરના અતિશયો ~~

२/१ प्रियङ्गु-स्फटिक-स्वर्ण-पद्मरागाञ्जनप्रभः ।
प्रभो ! तवाधौतशुचिः, कायः कमिव नाक्षिपेत् ? ।।१०।।

હે પ્રભુ ! પ્રિયંગુ[1], સ્ફટિક, સુવર્ણ, પદ્મરાગમણિ[2] અને કાજળ જેવા વર્ણવાળું, સ્નાન વિના પણ પવિત્ર એવું આપનું શરીર કોને ન આકર્ષે ?

२/२ मन्दारदामवन्नित्यम्, अवासितसुगन्धिनि ।
तवाङ्गे भृङ्गतां यान्ति, नेत्राणि सुरयोषिताम् ।।११।।

સુગંધી દ્રવ્ય લગાડ્યા વિના પણ પુષ્પમાળાની જેમ સદા સુગંધી એવા આપનાં શરીર પર અપ્સરાઓના નેત્રો ભ્રમરની જેમ આકર્ષાય છે.

२/३ दिव्यामृतरसास्वाद-पोषप्रतिहता इव ।
समाविशन्ति ते नाथ !, नाङ्गे रोगोरगव्रजाः ।।१२।।

૧. નીલ વર્ણનું હોય છે. ૨. લાલ વર્ણનો હોય છે.

હે નાથ ! દિવ્ય અમૃતના આસ્વાદથી હણાઈ ગયા હોય તેમ રોગરૂપી સર્પો આપનાં શરીરમાં પ્રવેશ પણ કરી શકતા નથી.

૨/૪ त्वय्यादर्शतलालीन-प्रतिमाप्रतिरूपके।
क्षरत्स्वेदविलीनत्व-कथाऽपि वपुषः कुतः ? ।।१३।।

અરીસાની સપાટી પર પ્રતિબિંબિત થયેલા રૂપ જેવા આપના વિષયમાં, નીકળતા પરસેવાથી મેલા થતા શરીરની વાત પણ ક્યાંથી હોય ?

૨/૫ न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।
वपुःस्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ।।१४।।

હે વીતરાગ ! આપનું મન જ રાગમુક્ત નથી, શરીરમાં રહેલું લોહી પણ દૂધ જેવું સફેદ છે. (રક્તવર્ણથી રહિત છે.)

૨/૬ जगद्विलक्षणं किं वा, तवान्यद्वक्तुमीश्महे ? ।
यदविस्त्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ।।१५।।

હે પ્રભુ ! આપનું આખી દુનિયાથી જુદું બીજું શું કહી શકીએ ? કારણકે આપનું માંસ પણ સફેદ વર્ણનું, સુગંધી અને સુંદર હોય છે.

૨/૭ जलस्थलसमुद्भूताः, सन्त्यज्य सुमनःस्रजः ।
तव निःश्वाससौरभ्यम्, अनुयान्ति मधुव्रताः ।।१६।।

જળ અને સ્થળમાં ઊગેલા પુષ્પોની માળાઓ છોડીને ભમરાઓ આપના ઉચ્છ્વાસની સુગંધ પાછળ દોડે છે.

૨/૮ लोकोत्तरचमत्कार-करी तव भवस्थितिः ।
यतो नाहारनीहारौ, गोचरश्चर्मचक्षुषाम् ।।१७।।

આપનું સંસારમાં રહેવું પણ અલૌકિક આશ્ચર્યકારી છે, કારણકે આપના આહાર અને નીહાર પણ નરી આંખે દેખાતા નથી.

~~ અન્ય અતિશયો ~~

૩/૧ सर्वाभिमुख्यतो नाथ !, तीर्थकृन्नामकर्मजात् ।
सर्वथा सम्मुखीनस्त्वम्, आनन्दयसि यत्प्रजाः ।।१८।।

તીર્થંકર નામકર્મથી ઉત્પન્ન થયેલ સર્વાભિમુખતા[1]થી સહુને સન્મુખ રહીને આપ લોકોને આનંદ આપો છો.

૩/૨ यद् योजनप्रमाणेऽपि, धर्मदेशनसद्मनि ।
सम्मान्ति कोटिशस्तिर्यग्-नृदेवाः सपरिच्छदाः ।।१९।।

એક યોજન જેટલી ધર્મદેશનાની જગ્યામાં (સમવ-સરણમાં) પણ કરોડો દેવ-મનુષ્ય-તિર્યંચો પોતાના પરિવાર સહિત સમાઈ જાય છે.

૩/૩ तेषामेव स्वस्वभाषा-परिणामनोहरम् ।
अप्येकरूपं वचनं, यत् ते धर्मावबोधकृत् ।।२०।।

૧. સમવસરણમાં ચારે દિશામાં ભગવાન દેખાય.

આપનું એક જ રૂપે (ભાષામાં) બોલાયેલું વચન પણ, તે બધાને પોત-પોતાની ભાષામાં પરિણમીને ધર્મનો બોધ કરાવે છે.

३/४ साग्रेऽपि योजनशते, पूर्वोत्पन्ना गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ।।२१।।

તમારા વિહારરૂપી પવનની લહરીઓથી સવાસો યોજન સુધીના ક્ષેત્રમાં પહેલેથી ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળો તરત વિખરાઈ જાય છે.

३/५ नाविर्भवन्ति यद् भूमौ, मूषकाः शलभाः शुकाः ।
क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतयः ।।२२।।

રાજા વડે ઊગતાં જ ડામી દેવાયેલા અન્યાયની જેમ આપની વિહારભૂમિમાં ઉંદર-તીડ-પોપટ વગેરેના ઉપદ્રવો ઉત્પન્ન થતા નથી.

३/६ स्त्रीक्षेत्रपद्रादिभवो, यद् वैराग्निः प्रशाम्यति ।
त्वत्कृपापुष्करावर्त्त-वर्षादिव भुवस्तले ।।२३।।

પુષ્કરાવર્ત મેઘ જેવી આપની કૃપાવર્ષાથી પૃથ્વી પર જર-જમીન-જોરુથી ઉત્પન્ન થયેલ વેરના અગ્નિઓ શાંત થઈ જાય છે.

३/७ त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।
सम्भवन्ति न यन्नाथ !, मारयो भुवनारयः ।।२४।।

હે નાથ ! ઉપદ્રવના સંપૂર્ણ નાશની ઘોષણા જેવો આપનો પ્રભાવ ફેલાતાં જગતના શત્રુરૂપ મારી-મરકી ઉત્પન્ન જ થતા નથી.

३/८ कामवर्षिणि लोकानां, त्वयि विश्वैकवत्सले ।
अतिवृष्टिरवृष्टिर्वा, भवेद् यन्नोपतापकृत् ।।२५।।

લોકોના ઈચ્છિતને આપનાર, સકળ વિશ્વના હિતેચ્છુ એવા આપની હાજરીમાં ત્રાસ આપનાર અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ (દુકાળ) થતા નથી.

३/९ स्वराष्ट्रपरराष्ट्रेभ्यो, यत् क्षुद्रोपद्रवा द्रुतम् ।
विद्रवन्ति त्वत्प्रभावात्, सिंहनादादिव द्विपाः ।।२६।।

સિંહનાદથી હાથીની જેમ, તમારા પ્રભાવને કારણે સ્વ-પર રાષ્ટ્રથી ઊભા થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો તરત જ ભાગી જાય છે.

३/१० यत् क्षीयते च दुर्भिक्षं, क्षितौ विहरति त्वयि ।
सर्वाद्भुतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ।।२७।।

સર્વ અદ્‌ભુત પ્રભાવથી ભરપૂર જંગમ કલ્પવૃક્ષ જેવા આપ પૃથ્વી પર વિચરતા હો તો દુકાળ પણ નાશ પામે છે.

३/११ यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम्।
मा भूद् वपुर्दुरालोकं, इतीवोत्पिण्डितं महः ।।२८।।

આપના મસ્તકની પાછળ, સૂર્યથી પણ વધુ તેજસ્વી એવું (આપના શરીરનું) તેજ (દેવોએ ભામંડલરૂપે) કેન્દ્રિત કર્યું છે કે જેથી આપનું (અતિ તેજસ્વી) શરીર જોઈ શકાય. (નહીંતર શરીરના તેજથી આંખ અંજાઈ જવાથી ન દેખાય.).

३/१५ मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ।।२९।।

મૈત્રીના પવિત્ર સ્થાન, મુદિતાથી આનંદવાળા, કૃપા અને ઉપેક્ષાથી પૂજ્ય અને યોગમય એવા આપને નમસ્કાર થાઓ.

४/१ मिथ्यादृशां युगान्तार्कः, सुदृशाममृताञ्जनम् ।
तिलकं तीर्थकृल्लक्ष्म्याः, पुरश्चक्रं तवैधते ।।३०।।

મિથ્યાત્વીઓને માટે પ્રલયકાળના સૂર્ય જેવું, સમકિતીઓને અમૃતના અંજન જેવું, તીર્થંકરપણાની લક્ષ્મીના તિલક સમાન ધર્મચક્ર આપની આગળ શોભે છે.

४/२ एकोऽयमेव जगति, स्वामीत्याख्यातुमुच्छ्रिता ।
उच्चैरिन्द्रध्वजव्याजात्, तर्जनी जम्भविद्विषा ।।३१।।

'આ જગતમાં આ એક જ સ્વામી છે' એવું કહેવા માટે ઇન્દ્રે જાણે કે ધર્મધ્વજરૂપે પહેલી આંગળી ઊંચી કરી છે.

४/३ यत्र पादौ पदं धत्तः,
तव तत्र सुरासुराः ।
किरन्ति पङ्कजव्याजात्,
श्रियं पङ्कजवासिनीम् ।।३२।।

જ્યાં આપે પગ મૂક્યા, ત્યાં દેવો કમળરૂપે કમળ પર રહેનારી લક્ષ્મી જ રચે છે.

४/४ दानशीलतपोभाव-भेदाद् धर्म्मं चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद् भवान् ।।३३।।

હું માનું છું કે દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને એકસાથે કહેવા માટે આપ ચાર મુખવાળા થયા.

४/५ त्वयि दोषत्रयात् त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रुः, त्रयोऽपि त्रिदिवौकसः ।।३४।।

ત્રણે ભુવનનું ત્રણે દોષ (રાગ-દ્વેષ-મોહ)થી રક્ષણ કરવા માટે આપ પ્રવૃત્ત થયા એટલે ત્રણે દેવો (ભવનપતિ-જ્યોતિષ-વૈમાનિક) એ (સમવસરણના) ત્રણ ગઢ બનાવ્યા.

४/६ अधोमुखाः कण्टकाः स्युः, धात्र्यां विहरतस्तव ।
भवेयुः संमुखीनाः किं, तामसास्तिग्मरोचिषः ? ।।३५।।

આપ પૃથ્વી પર વિચરો ત્યારે કાંટા પણ ઊંધા થાય છે. શું નિશાચર પ્રાણીઓ સૂર્યની સામે જોઈ પણ શકે ખરાં ?

૪/૭ केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।
बाह्योऽपि योगमहिमा, नाप्तस्तीर्थकरैः परैः ।।३६।।

આપના કેશ, રોમ, નખ, દાઢી-મૂછના વાળ વધતા નથી. આપનો આ બાહ્ય યોગમહિમા પણ અન્ય તીર્થ(ધર્મ)ના સ્થાપકો પાસે નથી.

૪/૮ शब्दरूपरसस्पर्श-गन्धाख्याः पञ्च गोचराः ।
भजन्ति प्रातिकूल्यं न, त्वदग्रे तार्किका इव ।।३७।।

જેમ તાર્કિકો આપને પ્રતિકૂળ થતા નથી, તેમ આપના સાંનિધ્યમાં શબ્દ-રૂપ-રસ-સ્પર્શ અને ગંધ એ પાંચે ઇન્દ્રિયના વિષયો પણ પ્રતિકૂળ થતા નથી.

૪/૯ त्वत्पादावृतवः सर्वे, युगपत् पर्युपासते ।
आकालकृतकन्दर्प्पसाहाय्यकभयादिव ।।३८।।

(આપે જેને પરાજિત કરેલ છે, તે) કામદેવને અનાદિ કાળથી કરેલ સહાયથી ડરીને બધી જ ઋતુઓ એકસાથે આપનાં ચરણની સેવા કરે છે. (પ્રભુનો વિહાર થાય ત્યાં બધી ઋતુના વૃક્ષો ફળે.)

૪/૧૦ सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।
भावित्वत्पादसंस्पर्शां, पूजयन्ति भुवं सुरा ।।३९।।

આપના પગ જેને સ્પર્શવાના છે, તે પૃથ્વીને દેવો સુગંધી જળ અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિથી પૂજે છે.

૪/૧૧ जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति, पक्षिणोऽपि प्रदक्षिणम् ।
का गतिर्महतां तेषां, त्वयि ये वामवृत्तयः ? ।।४०।।

હે જગત્પૂજ્ય ! આપને પક્ષીઓ પણ પ્રદક્ષિણા આપે છે. તો જે આપના વિષે પ્રતિકૂળ વૃત્તિવાળા છે, તે મોટાઓનું તો શું થશે ?

૪/૧૨ पञ्चेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद् भवदन्तिके ? ।
एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकूलताम् ।।४१।।

આપની પાસે પંચેન્દ્રિય જીવો તો દુષ્ટ(પ્રતિકૂળ) ક્યાંથી હોય ? કારણકે એકેન્દ્રિય એવો વાયુ પણ અનુકૂળ બને છે.

૪/૧૩ मूर्ध्ना नमन्ति तरवः, त्वन्माहात्म्यचमत्कृताः ।
तत्कृतार्थं शिरस्तेषां, व्यर्थं मिथ्यादृशां पुनः ।।४२।।

આપના પ્રભાવથી ચમત્કૃત થયેલા વૃક્ષો પણ મસ્તક નમાવે છે, તેનાથી તેમના મસ્તક કૃતાર્થ થાય છે. પણ (આપને નહીં નમનારા) મિથ્યાત્વીઓના મસ્તક નકામા છે.

૪/૧૪ जघन्यतः कोटिसङ्ख्याः, त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ।।४३।।

જઘન્યથી પણ એક કરોડ દેવતાઓ આપની સેવા કરે છે. કારણકે ઘણાં પુણ્યના ઉદયે મળતી ચીજમાં મૂર્ખો પણ આળસ નથી કરતા.

~~ અષ્ટમહાપ્રાતિહાર્ય ~~

૫/१ गायन्निवालिविरुतैः, नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदतेऽशोकपादपः[१] ।।४४।।

ભમરાઓના ગુંજનથી જાણે કે ગાતું, પાંદડાઓના ડોલવાથી જાણે કે નાચતું અને તમારા ગુણોથી જાણે કે લાલ એવું અશોકવૃક્ષ આનંદ પામે છે.

૫/२ आयोजनं सुमनसो-ऽधस्तान्निक्षिप्तबन्धनाः ।
जानुदघ्नीः सुमनसो, देशनोर्व्यां किरन्ति ते ।।४५।।

દેવતાઓ તમારા સમવસરણમાં એક યોજન સુધી, ઢીંચણ ડૂબી જાય તેટલા, ડીંટીયા નીચેની તરફ પડે તે રીતે પુષ્પો વરસાવે છે.

૫/३ मालवकैशिकीमुख्य-ग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैर्मृगैरपि ।।४६।।

માલકૌંશ વગેરે સૂર-રાગોથી પવિત્ર એવી આપની દિવ્ય વાણીને, હરણો પણ આનંદથી ડોક ઊંચી કરીને સાંભળે છે.

૫/४ तवेन्दुधामधवला, चकास्ति चमरावली ।
हंसालिरिव वक्त्राब्ज-परिचर्यापरायणा ।।४७।।

---

૧. चैत्यपादपः એવો પાઠ પણ છે. ભગવાનને જે વૃક્ષની નીચે કેવળજ્ઞાન થાય, તે ચૈત્યવૃક્ષ કહેવાય છે. તેને દેવો અશોકવૃક્ષની ઉપર સ્થાપે છે.

ચંદ્રની કાંતિ જેવી સફેદ ચામરોની શ્રેણિ આપની આસપાસ, મુખકમળની સેવા કરી રહેલા હંસની શ્રેણિની જેમ શોભી રહી છે.

૫/૫ मृगेन्द्रासनमारूढे, त्वयि तन्वति देशनाम् ।
श्रोतुं मृगाः समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ।।४८।।

આપ સિંહાસન પર બેસીને દેશના આપો છો, ત્યારે સિંહની સેવા કરવા આવ્યા હોય તેમ પશુઓ પણ સાંભળવા આવે છે.

૫/૬ भासां चयैः परिवृतो, ज्योत्स्नाभिरिव चन्द्रमाः ।
चकोराणामिव दृशां, ददासि परमां मुदम् ।।४९।।

જેમ ચંદ્ર ચકોરને ચાંદનીથી આનંદ આપે છે, તેમ તેજપૂંજથી ભરેલા આપ આંખોને આનંદ આપો છો.

૫/૭ दुन्दुभिर्विश्वविश्वेश !, पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ।।५०।।

હે જગન્નાથ ! આપની આગળ ગાજતો દુંદુભિ, જાણે કે જગતમાં આપ્ત પુરુષો પર આપના પ્રકૃષ્ટ સામ્રાજ્યને કહે છે.

૫/૮ तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि-क्रमसब्रह्मचारिणी ।
छत्रत्रयी त्रिभुवन-प्रभुत्वप्रौढिशंसिनी ।।५१।।

આપની ઉપરા-ઉપર વધતા પુણ્યની ઋદ્ધિના ક્રમ સમાન ત્રણ છત્ર, ત્રણે ભુવન પર આપનાં પ્રભુત્વને જણાવે છે.

६/५ त्वां प्रपद्यामहे नाथ !, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः ? किमु कुर्महे ? ।।५२।।

હે નાથ ! અમે આપનું શરણ લઈએ છીએ, આપની સ્તુતિ કરીએ છીએ, આપની ઉપાસના કરીએ છીએ. આપનાથી વધીને કોઈ રક્ષણહાર નથી. વધુ આપને શું કહીએ ? શું કરીએ ?

६/१० कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ।।५३।।

કામરાગ અને સ્નેહરાગ સ્હેજ પુરુષાર્થથી જીતી શકાય છે. મહાપાપી એવો દૃષ્ટિરાગ જીતવો તો સજ્જનોને પણ દુષ્કર છે.

~~ કલિકાળની સ્તુતિ ~~

९/१ यत्राल्पेनापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ।।५४।।

જ્યાં થોડા કાળમાં જ આપની ભક્તિનું ફળ મળે, તે કલિકાળ જ હો (અમને મળો). સત્યુગ વગેરેની જરૂર નથી.

९/२ सुषमातो दुःषमायां, कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि, श्लाघ्या कल्पतरोः स्थितिः ।।५५।।

સુષમા કરતાં દુઃષમા કાળ(પાંચમા આરા)માં આપની કૃપા વધુ ફળવાળી છે. મેરુપર્વત કરતાં રણપ્રદેશમાં કલ્પવૃક્ષનું રહેવું વધુ પ્રશંસનીય છે.

९/३ श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्यं, एकच्छत्रं कलावपि ।।५६।।

હે ઈશ્વર ! જો શ્રદ્ધાળુ શ્રોતા અને બુદ્ધિમાન્ વક્તા ભેગા થાય તો કલિકાળમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય એકછત્રી છે.

९/६ निशि दीपोऽम्बुधौ द्वीपं, मरौ शाखी हिमे शिखी ।
कलौ दुरापः प्राप्तोऽयं, त्वत्पादाब्जरजःकणः ।।५७।।

રાત્રિમાં દીવો, સમુદ્રમાં દ્વીપ (ટાપુ), રણમાં વૃક્ષ, હિમાલયમાં અગ્નિની જેમ દુર્લભ એવી કલિકાળમાં આપના ચરણની સેવા અમને મળી છે.

९/७ युगान्तरेषु भ्रान्तोऽस्मि, त्वद्दर्शनविनाकृतः ।
नमोऽस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ।।५८।।

બીજા યુગોમાં આપનાં દર્શન વિના ભમ્યો છું. જેમાં આપનું દર્શન મળ્યું, તે કલિયુગને નમસ્કાર હો !

~~ ગુણવૈભવ ~~

१०/२ निरीक्षितुं रूपलक्ष्मीं,
सहस्राक्षोऽपि न क्षमः ।
स्वामिन् ! सहस्रजिह्वोऽपि,
शक्तो वक्तुं न ते गुणान् ।।५९।।

હે સ્વામિન્ ! આપના રૂપની લક્ષ્મી હજાર આંખોવાળો પણ જોઈ ન શકે, આપના ગુણોને હજાર જીભવાળો પણ ગાઈ ન શકે.

१०/३ संशयान् नाथ ! हरसे-
ऽनुत्तरस्वर्गिणामपि ।
अतः परोऽपि किं कोऽपि,
गुणः स्तुत्योऽस्ति वस्तुतः ? ।।६०।।

હે નાથ ! અનુત્તર દેવોની શંકા પણ આપ દૂર કરો છો, આનાથી વધુ કોઈ ગુણ શું ખરેખર સ્તુત્ય હોઈ શકે ?

१०/६ द्वयं विरुद्धं भगवन् !, तव नान्यस्य कस्यचित् ।
निर्ग्रन्थता परा या च, या चोच्चैश्चक्रवर्त्तिता ।।६१।।

હે ભગવન્ ! આપનામાં જે શ્રેષ્ઠ નિર્ગ્રન્થતા અને ઉત્કૃષ્ટ ઐશ્વર્ય આ બે વિરુદ્ધ વસ્તુઓ છે, તે બીજા કોઈમાં નથી.

१०/७ नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ? ।।६२।।

જેમના કલ્યાણકપર્વોમાં નારકો પણ સુખી થાય છે, તેમના પવિત્ર ચરિત્રનું વર્ણન કોણ કરી શકે ?

१०/८ शमोऽद्भुतोऽद्भुतं रूपं, सर्वात्मसु कृपाऽद्भुता ।
सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ।।६३।।

અદ્ભુત ઉપશમભાવ, અદ્ભુત રૂપ, સર્વ જીવો પર અદ્ભુત કરુણા.. બધા અદ્ભુતના સ્વામી ભગવાન એવા આપને નમસ્કાર હો !

११/१ निघ्नन् परीषहचमूं, उपसर्गान् प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं, महतां काऽपि वैदुषी ।।६४।।

પરિષહોની સેનાને હણીને, ઉપસર્ગોને પરાજિત કરીને, સમતાસુખને આપે પ્રાપ્ત કર્યું ! અહો ! મહાત્માઓની કેવી બુદ્ધિ !

११/६ रागादिषु नृशंसेन, सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः, साम्राज्यं साधितं त्वया ।।६५।।

રાગ વગેરે પર નિર્દય અને સર્વ જીવો પર કૃપાળુ એવા આપે ભીમ-કાંત ગુણથી ઉત્કૃષ્ટ સામ્રાજ્ય મેળવ્યું.

११/८ महीयसामपि महान्, महनीयो महात्मनाम् ।
अहो ! मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ।।६६।।

મોટાઓમાં પણ મહાન્, મહાત્માને પણ પૂજ્ય એવા સ્વામી, સ્તુતિ કરતાં કરતાં મારી સ્તુતિનો વિષય બની ગયા. કેવું મારું સદ્ભાગ્ય !

~~ વૈરાગ્ય ~~

१२/२ दुःखहेतुषु वैराग्यं, न तथा नाथ ! निस्तुषम् ।
मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु ।।६७।।

હે નાથ ! મોક્ષના ઉપાયોમાં કુશળ એવા તમારો વૈરાગ્ય દુઃખના કારણો (પરિષહો) પર તેટલો પ્રચંડ નહોતો, જેટલો સુખના કારણો (ઇન્દ્રિયના વિષયો) પર હતો.

१२/४ यदा मरुन्नरेन्द्रश्रीः, त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदाऽपि ते ।।६८।।

હે નાથ ! જ્યારે દેવ કે રાજાની લક્ષ્મી પણ આપ ભોગવો છો, ત્યારે પણ આપને સર્વત્ર આનંદ (જે મળે તેમાં આનંદ) રૂપ વૈરાગ્ય જ હોય છે.

१२/६ सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।
तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ? ।।६९।।

આપ સુખ-દુઃખ, સંસાર-મોક્ષમાં જે મધ્યસ્થભાવ ધરાવો છો, તે પણ વૈરાગ્ય જ છે. આપને શેના ઉપર વૈરાગ્ય નથી ?

१२/७ दुःखगर्भे मोहगर्भे, वैराग्ये निष्ठिताः परे ।
ज्ञानगर्भं तु वैराग्यं, त्वय्येकायनतां गतम् ।।७०।।

બીજા બધા (કહેવાતા ભગવાનો) દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્યવાળા છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો આપનામાં જ એકરૂપ થયો છે.

१२/८ औदासीन्येऽपि सततं, विश्वविश्वोपकारिणे ।
नमो वैराग्यनिघ्नाय, तायिने परमात्मने ।।७१।।

સતત ઉદાસીનભાવમાં હોવા છતાં પણ સમગ્ર વિશ્વ પર ઉપકાર કરનારા, વૈરાગ્યથી યુક્ત એવા પરમાત્માને નમસ્કાર હો !

१३/१ अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ।।७२।।

આપ બોલાવ્યા વિના જ સહાય કરનારા છો, કોઈ કારણ વિના હિત ઇચ્છનારા છો, માંગ્યા વિના આપનારા છો, સંબંધ વિનાના મિત્ર છો.

१४/५ तथा परे न रज्यन्त, उपकारपरे परे ।
यथाऽपकारिणि भवान्, अहो ! सर्वमलौकिकम् ।।७३।।

બીજા (કહેવાતા ભગવાનો)એ ઉપકાર કરનારા પર પણ તેટલી કૃપા નથી કરી, જેટલી આપે અપકાર કરનારા પર કરી. અહો ! આપનું બધું અલૌકિક જ છે.

१५/३ च्युतश्चिन्तामणिः पाणेः, तेषां लब्धा सुधा मुधा ।
यैस्त्वच्छासनसर्वस्वं, अज्ञानैर्नात्मसात्कृतम् ।।७४।।

જે અજ્ઞાનીઓએ આપના શાસનનું રહસ્ય જાણ્યું નહીં, તેઓએ હાથમાં આવેલ ચિંતામણિ ખોઈ નાખ્યો, મળેલ અમૃત વેડફી નાખ્યું.

१५/५ त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त ! हतात्मनाम् ।।७५।।

જેઓ આપનાં શાસનને બીજા શાસનની સમાન માને છે, તે દુર્ભાગીઓ અમૃતને ઝેરની સમાન માને છે !

१५/६ अनेडमूका भूयासुः, ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्यम्, अपि पापेषु कर्मसु ।।७६।।

જેમને આપના પર દ્વેષ છે, તેઓ મૂંગા-બહેરા જ થાઓ. કારણકે પાપકાર્યમાં તો અસમર્થતા પણ હિત માટે જ થાય છે.

१५/९ जन्मवानस्मि धन्योऽस्मि, कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्राम-रामणीयकलम्पटः ।।७७।।

મારો જન્મ સફળ છે, હું ધન્ય છું, હું કૃતકૃત્ય છું. કારણકે આપના ગુણોના સમૂહની આકર્ષકતા મને અત્યંત ગમી ગઈ છે.

१६/१ त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ !, परमानन्दसम्पदम् ।।७८।।

હે નાથ ! એક બાજુ આપનાં વચનરૂપી અમૃતને પીવાથી ઉત્પન્ન થયેલ સમતારસની લહરીઓ મને પરમાનંદરૂપી સંપત્તિ પમાડે છે...

१६/२ इतश्चानादिसंस्कार-मूर्च्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ।।७९।।

બીજી તરફ અનાદિ કાળના સંસ્કારથી પુષ્ટ થયેલા રાગરૂપી સર્પના ઝેરની અસર મને મૂર્ચ્છિત કરે છે. હતાશ થઈ ગયેલો હું શું કરું ?

૧૬/૩ रागाहिगरलाघ्रातो-ऽकार्षं यत्कर्म वैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिङ्मे प्रच्छन्नपापताम् ! ।।८०।।

રાગરૂપી સર્પના ઝેરથી મૂર્ચ્છિત એવા મેં જે પાપ કર્યા, તે કહી પણ શકાય તેમ નથી. મારી છૂપી રીતે પાપ કરવાની વૃત્તિને ધિક્કાર હો !

૧૬/૪ क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ।।८१।।

ઘડીકમાં આસક્ત, ઘડીકમાં મુક્ત, ઘડીકમાં ગુસ્સો, ઘડીકમાં ક્ષમા.. આમ, મોહ વગેરેએ રમત રમીને મને વાંદરા જેવો ચંચળ બનાવ્યો છે.

૧૬/૫ प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ !, शिरसि ज्वालितोऽनलः ।।८२।।

હે નાથ ! આપનું સમ્યગ્દર્શન પામવા છતાં પણ મન-વચન-કાયાના દુષ્કાર્યોથી મેં (મારા જ) માથા પર આગ સળગાવી છે.

૧૬/૫ त्वय्यपि त्रातरि त्रातर् !, यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते, हताशो हा ! हतोऽस्मि तत् ।।८३।।

હે રક્ષણહાર ! આપના જેવા રક્ષણ કરનાર હોવા છતાં મોહ વગેરે લૂંટારાઓ મારી રત્નત્રયી લૂંટી જાય છે, તેથી હતાશ એવો હું દુઃખી દુઃખી થઈ ગયો છું.

१६/७ भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय ।।८४।।

ઘણાં તીર્થો ભમ્યો, તેમાં એક આપને જ તારનારા જોયા છે. તેથી આપના ચરણ પકડ્યા છે. હે નાથ ! મને તારો, તારો.

१६/८ भवत्प्रसादेनैवाहं, इयतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ।।८५।।

આપની કૃપાથી જ હું આટલે સુધી પહોંચ્યો છું. હવે ઉદાસીનભાવથી મારી ઉપેક્ષા કરવી આપના માટે યોગ્ય નથી.

१६/९ ज्ञाता तात ! त्वमेवैकः, त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्रम्, एधि यत्कृत्यकर्मठ ! ।।८६।।

હે તાત ! આપ જ એક જ્ઞાની છો. આપનાથી વધુ કરુણાશાળી કોઈ નથી. મારાથી વધુ કરુણાને પાત્ર કોઈ નથી. તેથી કર્તવ્યપરાયણ એવા આપ હવે કર્તવ્યનું પાલન કરો. (મારા પર કરુણા કરો.)

~~ દુષ્કૃત ગર્હા ~~

१७/१ स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ।।८७।।

મેં કરેલા પાપોની નિંદા અને સુકૃતોની અનુમોદના કરતો, અશરણ એવો હું આપના ચરણનું શરણ લઉં છું.

१७/२ मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयाद्, अपुनःक्रिययाऽन्वितम् ।।८८।।

મન-વચન-કાયાના પાપોમાં કરણ-કરાવણ-અનુમોદનથી કરેલા મારા દુષ્કૃતો, અપુનઃકરણના (ફરી નહીં કરવાના) સંકલ્પ સાથે મિથ્યા થાઓ.

~~ સુકૃતાનુમોદના ~~

१७/३ यत्कृतं सुकृतं किञ्चिद्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ।।८९।।

જે કંઈ રત્નત્રયીના વિષયનું કે માર્ગાનુસારી પણ સુકૃત (મેં) કર્યું, તે બધાની હું અનુમોદના કરું છું.

१७/४ सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ।।९०।।

અરિહંત વગેરે બધાનો જે જે અર્હત્ત્વ વગેરે ગુણ છે. તે બધા મહાત્માઓના તે તે ગુણોની હું અનુમોદના કરું છું.

~~ ચતુઃશરણ સ્વીકાર ~~

१७/५ त्वां त्वत्फलभूतान् सिद्धान्, त्वच्छासनरतान् मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ।।९१।।

આપનું, આપના ફળરૂપ સિદ્ધોનું, આપના શાસનમાં રહેલા મુનિઓનું અને આપના શાસનનું ભાવથી શરણ સ્વીકારું છું.

~~ ક્ષમાપના ~~

१७/६ क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ।।९२।।

હું બધા જીવોને ક્ષમા આપું છું. તે બધા મને ક્ષમા આપો. એકમાત્ર આપનાં જ શરણે આવેલા મને બધા જીવો પર મૈત્રી હો.

१७/७ एकोऽहं नास्ति मे कश्चिद्, न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ।।९३।।

હું એકલો છું, કોઈ મારું નથી, હું કોઈનો નથી. આપનાં ચરણનાં શરણે રહેલા મને કોઈ દીનતા નથી.

१७/८ यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ।।९४।।

આપના પ્રભાવે મળતી ઉત્કૃષ્ટ પદવી (મોક્ષ) જ્યાં સુધી હું ન પામું, ત્યાં સુધી શરણે આવેલા મને શરણ આપજો.

१९/१ तव चेतसि वर्तेऽहं, इति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत् त्वम्, अलमन्येन केनचित् ।।९५।।

હું આપના ચિત્તમાં રહું એની તો વાત પણ શક્ય નથી, પરંતુ જો આપ મારા ચિત્તમાં રહો, તો પછી બીજું કંઈ જોઈતું નથી.

१९/४ वीतराग ! सपर्यायाः, तवाज्ञापालनं वरम् ।
आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।९६।।

હે વીતરાગ ! આપની સેવા કરતાં આપની આજ્ઞાનું પાલન વધુ સારું છે. કારણકે આજ્ઞાની આરાધના જ મોક્ષ માટે અને વિરાધના જ સંસાર માટે થાય છે.

१९/५ आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ।।९७।।

હંમેશ માટે આપની કર્તવ્ય-અકર્તવ્યના વિષયમાં આ જ આજ્ઞા છે કે "આશ્રવ સર્વથા તજવો અને સંવર આદરવો".

१९/६ आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिः, अन्यदस्याः प्रपञ्चनम् ।।९८।।

"આશ્રવ સંસારનું અને સંવર મોક્ષનું કારણ છે." આ જ અરિહંતના ઉપદેશનો સાર છે, બાકી બધો તેનો વિસ્તાર છે.

१९/७ इत्याज्ञाराधनपरा, अनन्ताः परिनिर्वृताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ।।९९।।

આ પ્રમાણેની આજ્ઞાની આરાધના કરનારા અનંતા જીવો મોક્ષ પામ્યા, કેટલાક ક્યાંક (મહાવિદેહાદિમાં) પામી રહ્યા છે, અને બીજાઓ પામશે.

१९/८ हित्वा प्रसादनादैन्यं, एकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ।।१००।।

પ્રસન્ન કરવા માટેની ખુશામત છોડીને માત્ર આપની આજ્ઞાની આરાધનાથી જ જીવો કર્મરૂપી પાંજરામાંથી સર્વથા મુક્ત થાય છે.

२०/१ पादपीठलुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य-परमाणुकणोपमम् ।।१०१।।

આપના પાદપીઠમાં આળોટતાં મસ્તકવાળા મારા પર પુણ્યના પરમાણુ જેવી આપની ચરણરજ સદા રહો.

२०/२ मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात् क्षालयतां मलम् ।।१०२।।

આપનાં મુખને જોવામાં આસક્ત મારી આંખો, હર્ષના અશ્રુના પ્રવાહથી અયોગ્ય વસ્તુને જોવાથી બાંધેલા પાપને ક્ષણવારમાં જ ધોઈ નાંખો.

२०/३ त्वत्पुरो लुठनैर्भूयाद्, मद्भालस्य तपस्विनः ।
कृतासेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ।।१०३।।

આપની સામે આળોટવાથી, અયોગ્યને નમસ્કાર રૂપ પાપોના પ્રાયશ્ચિત્ત રૂપે બિચારા મારા કપાળ પર નિશાની થાઓ.

૨૦/૪ मम त्वद्दर्शनोद्भूताः, चिरं रोमाञ्चकण्टकाः ।
तुदन्तां चिरकालोत्थां, असद्दर्शनवासनाम् ।।१०४।।

આપનાં દર્શનથી ઉત્પન્ન થયેલા મારા રોમાંચ રૂપી કાંટાઓ, ઘણા કાળથી ઉત્પન્ન થયેલ અસદ્દર્શનોના સંસ્કારોને દૂર કરો.

૨૦/૫ त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ।।१०५।।

અમૃત જેવી આપનાં મુખની કાંતિ રૂપી ચાંદનીનો પ્રકાશ પીને, મારી આંખોરૂપી કમળ, અનિમેષ થાઓ.

૨૦/૬ त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ।।१०६।।

મારી આંખો સદા આપનાં મુખને જોવાવાળી, હાથ આપની ઉપાસના કરનારા, કાન આપના ગુણોને સાંભળનારા થાઓ.

૨૦/૭ कुण्ठाऽपि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ? ।।१०७।।

કુંઠિત એવી પણ મારી વાણી જો આપના ગુણનું ગ્રહણ કરવામાં તત્પર હોય તો તેનું કલ્યાણ હો. બીજી (અકુંઠિત) વાણીની કોઈ જરૂર નથી.

२०/८ तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ।।१०८।।

હું આપનો નોકર છું, દાસ છું, સેવક છું, ચાકર છું. હે નાથ ! 'હા' કહીને સ્વીકારો. એથી વધુ હું કંઈ કહેતો નથી.

# સ્તુતિસંગ્રહ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પૂર્વાચાર્ય, રત્નાકરસૂરિજી મહારાજા

તથા

કુમારપાળ મહારાજા

**ગ્રંથ** : સ્તુતિસંગ્રહ સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ)

**આધારગ્રંથ** : જિનનામસહસ્રસ્તોત્ર,
રત્નાકરપંચવિંશતિકા,
આત્મનિંદા દ્વાત્રિંશિકા, ગૌતમાષ્ટક

**આધારગ્રંથકર્તા** : પૂર્વાચાર્ય, રત્નાકરસૂરિ મ.સા.,
કુમારપાળ મહારાજા

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય
ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પ.
પૂ. આ. ભ. શ્રી વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી
મ. સા. ના પ્રશિષ્ય...
પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા.

**ભાષા** : સંસ્કૃત, ગુજરાતી

**વિષય** : પ્રભુભક્તિ

~~ पूर्वाचार्यविरचितम् जिननामसहस्त्रस्तोत्रम् ~~

१ नमस्ते समस्तेप्सितार्थप्रदाय,
नमस्ते महाऽऽर्हन्त्यलक्ष्मीप्रदाय ।
नमस्ते चिदानन्दतेजोमयाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१॥

સર્વ ઇચ્છિતને આપનારા, મહાન એવી આર્હન્ત્યલક્ષ્મીને આપનાર, જ્ઞાન-આનંદ અને તેજ સ્વરૂપ એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

६ नमस्ते महस्विन् ! नमस्ते यशस्विन् !,
नमस्ते वचस्विन् ! नमस्ते तपस्विन् ! ।
नमस्ते गुणैरद्भुतैरद्भुताय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२॥

તેજસ્વી, યશસ્વી, પાંત્રીશ ગુણોયુક્ત વાણીના સ્વામી, તપસ્વી અને અદ્‌ભુત ગુણોથી અદ્‌ભુત એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

११ नमस्ते सुधासारनेत्राञ्जनाय,
नमस्ते सदाऽस्मन्मनोरञ्जनाय ।
नमस्ते भवभ्रान्तिभीभञ्जनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३॥

આંખને માટે અમૃતના અંજન જેવા, સદા અમારા મનને આનંદ આપનારા, ભવભ્રમણના ભયને ભાંગનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

१५ नमस्तेऽवतीर्णाय विश्वोपकृत्यै,
नमस्ते कृतार्थाय सद्धर्मकृत्यैः ।
नमस्ते प्रकृत्या जगद्वत्सलाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४॥

વિશ્વ પર ઉપકાર કરવા જન્મ લેનાર, સદ્ધર્મકાર્યોથી કૃતાર્થ અને સ્વભાવથી જ વિશ્વવત્સલ એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

१७ नमोऽनुत्तरस्वर्गिभिः पूजिताय,
नमस्तन्मनःसंशयछेदकाय ।
नमोऽनुत्तरज्ञानलक्ष्मीश्वराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥५॥

અનુત્તર દેવો વડે પૂજાયેલા, તેમની શંકાઓનું સમાધાન કરનાર, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના સ્વામી એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

२७ नमस्तेऽद्भुतकम्पितेन्द्रासनाय,
नमस्ते मुदा तैः कृतोपासनाय ।
नमः कल्पितध्वान्तनिर्वासनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥६॥

ઈન્દ્રોના આસનને કંપાવવારૂપી અદ્‌ભુત ઐશ્વર્યને ધારણ કરનારા, ઈન્દ્રો વડે આનંદથી પૂજાયેલા, મિથ્યા કલ્પનાઓરૂપી અજ્ઞાનનો નાશ કરનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૨૮ नमस्ते सुराद्रौ सुरैः प्रापिताय,
नमस्ते कृतस्नात्रपूजोत्सवाय ।
नमस्ते विनीताप्सरःपूजिताय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥७॥

દેવો વડે મેરુપર્વત પર લઈ જવાયેલા, અને ત્યાં અભિષેક કરાયેલા, વિનીત એવી અપ્સરાઓથી પૂજાયેલા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૨૯ नमोऽङ्गुष्ठपीयूषपानोच्छ्रिताय,
नमस्ते वपुःसर्वनष्टामयाय ।
नमस्ते यथायुक्तसर्वाङ्गकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥८॥

(ઈન્દ્ર વડે પૂરાયેલા) અંગૂઠાના અમૃતને પીને મોટા થનારા, સર્વરોગરહિત શરીરવાળા, પ્રમાણયુક્ત સર્વ અંગોથી યુક્ત શરીરવાળા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૩૦ नमस्ते मलस्वेदखेदोज्झिताय,
नमस्ते शुचिक्षीररुक्शोणिताय ।
नमस्ते मुखश्वासह्रीणाम्बुजाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥९॥

મેલ, પસીના અને થાકથી રહિત શરીરવાળા, પવિત્ર અને સફેદ લોહીવાળા, કમળથી પણ સુગંધી ઉચ્છ્વાસવાળા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

३१ नमस्ते मणिस्वर्णजिद्गौरभाय,
नमस्ते प्रसर्पद्वपुःसौरभाय ।
नमोऽनीक्षिताहारनीहारकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१०॥

રત્ન કે સુવર્ણથી પણ વધુ ઉજ્જ્વળ તેજવાળા, ફેલાતી સુગંધવાળા શરીરવાળા, જેના આહાર-નીહાર અદૃશ્ય છે એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૫૦ नमो दत्तसांवत्सरोत्सर्जनाय,
नमो विश्वदारिद्र्यनिस्तर्जनाय ।
नमस्ते कृतार्थीकृतार्थिव्रजाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥११॥

એક વર્ષ સુધી દાન આપનારા, સમસ્ત જગતના દારિદ્ર્યને ફેડનારા, યાચકોના સમૂહને સંતુષ્ટ કરનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૫૬ नमस्ते मनःकामकल्पद्रुमाय,
नमस्ते प्रभो ! कामधेनूपमाय ।
नमस्ते निरस्तार्थिनामाश्रयाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१२॥

હે પ્રભુ ! મનની ઇચ્છાઓ માટે કલ્પવૃક્ષ અને કામધેનુ સમાન, અન્ય સર્વ સ્થાને નિરાશ થયેલાના આશ્રયભૂત એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૬૭ नमस्त्यक्तसप्ताङ्गराज्येन्दिराय,
नमस्त्यक्तसत्सुन्दरीमन्दिराय ।
नमस्त्यक्तमाणिक्यमुक्ताफलाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१३॥

સાત અંગ યુક્ત રાજ્યલક્ષ્મીને છોડનારા, રૂપવતી સ્ત્રીઓનો ત્યાગ કરનારા, મણિ-મોતી વગેરે ધનનો ત્યાગ કરનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

६६ नमस्ते मनःपर्यवज्ञानशालिन् !,
नमश्चारुचारित्रपावित्र्यमालिन् ! ।
नमो नाथ ! षड्जीवकायावकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१४॥

હે નાથ ! મનઃપર્યવજ્ઞાની, સુંદર ચારિત્રના પાલનથી પવિત્ર અને ષડ્જીવનિકાયના રક્ષક એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

६७ नमस्ते समुद्यद्विहारक्रमाय,
नमः कर्मवैरिस्फुरद्विक्रमाय ।
नमः स्वीयदेहेऽपि ते निर्ममाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१५॥

ઉદ્યતવિહારમાં સત્ત્વ ફોરવનારા, કર્મરૂપ શત્રુઓને જીતવામાં પરાક્રમી, પોતાના શરીર પર પણ મમત્વ વિનાના એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૭૦ नमस्तुल्यचित्ताय मित्रे रिपौ वा,
नमस्तुल्यचित्ताय लोष्टे मणौ वा ।
नमस्तुल्यचित्ताय गालौ स्तुतौ वा,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१६॥

શત્રુ કે મિત્ર, પથ્થર કે રત્ન, નિંદા કે પ્રશંસા બધા પર સમાન ચિત્તવાળા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૭૧ नमस्तुल्यचित्ताय मोक्षे भवे वा,
नमस्तुल्यचित्ताय जीर्णे नवे वा।
नमस्तुल्यचित्ताय मेध्येऽशुचौ वा,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१७॥

સંસાર કે મોક્ષ, જૂનું કે નવું, અપવિત્ર કે પવિત્ર બધામાં સમાન ચિત્તવાળા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૭૨ नमस्ते प्रभो ! मृत्युतो निर्भयाय,
नमस्ते प्रभो ! जीविते निःस्पृहाय ।
नमस्ते प्रभो ! ते स्वरूपे स्थिताय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१८॥

મૃત્યુથી ભય વિનાના, જીવનની સ્પૃહા વિનાના, સ્વરૂપમાં સ્થિર એવા હે પ્રભુ ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

૮૭ नमस्ते चतुर्दिग्विराजन्मुखाय,
नमस्तेऽभितः संसदां सत्सुखाय ।
नमो योजनच्छायचैत्यद्रुमाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१९॥

ચારે દિશામાં શોભતા મુખવાળા, ચારે દિશાની પર્ષદાને આનંદ આપનારા, યોજન સુધી ફેલાતી છાયાવાળા ચૈત્યવૃક્ષથી શોભતા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૮૮ नमो योजनासीनतावज्जनाय,
नमश्चैकवाग्बुद्धनानाजनाय ।
नमो भानुजैत्रप्रभामण्डलाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२०॥

જેમની પર્ષદામાં એક યોજનમાં અસંખ્ય જીવો બેઠા છે તેવા, એક જ વચનથી અનેક જીવોને બોધ પમાડનારા, સૂર્યથી પણ તેજસ્વી ભામંડલથી શોભતા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૮૯ नमो दूरनष्टेतिवैरज्वराय,
नमो नष्टदुर्वृष्टिरुग्विड्वराय ।
नमो नष्टसर्वप्रजोपद्रवाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२१॥

સાત ઈતિઓ, વૈર અને રોગોનો નાશ કરનારા, અતિવૃષ્ટિરૂપ તાંડવનો નાશ કરનારા, પ્રજાના સર્વ ઉપદ્રવોનો નાશ કરનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

९० नमो धर्मचक्रत्रसत्तामसाय,
नमः केतुहृष्यत्सुदृग्मानसाय ।
नमो व्योमसञ्चारिसिंहासनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२२॥

ધર્મચક્ર વડે અજ્ઞાનને ત્રસ્ત કરનારા, ધર્મધ્વજ વડે સમકિતી જીવોને આનંદ પમાડનારા, આકાશમાં ચાલતા સિંહાસનવાળા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

९१ नमश्चामरैरष्टभिर्विजिताय,
नमः स्वर्णपद्माहिताङ्घ्रिद्वयाय ।
(नमो नाथ ! छत्रत्रयेणान्विताय,)
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२३॥

આઠ ચામરો વડે વીંઝાતા, સુવર્ણકમળ પર પગ મૂકનારા, ત્રણ છત્રથી શોભતા એવા હે નાથ ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

९२ नमोऽधोमुखाग्रीभवत्कण्टकाय,
नमो ध्वस्तकर्मारिनिष्कण्टकाय ।
नमस्तेऽभितो नम्रमार्गद्रुमाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२४॥

જેમના પ્રભાવે કાંટા પણ ઊંધા થઈ જાય છે તેવા, કર્મશત્રુરૂપ કાંટાઓનો નાશ કરનારા, બંને બાજુથી વૃક્ષો જેને નમે છે તેવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

९३ नमस्तेऽनुकूलीभवन्मारुताय,
नमस्ते सुखकृद्विहायोरुताय ।
नमस्तेऽम्बुसिक्ताभितो योजनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२५॥

જેને વાયુ પણ અનુકૂળ થાય છે તેવા, જેમના પ્રભાવે પક્ષીઓ પણ કર્ણપ્રિય ગાય છે તેવા, જેમના પ્રભાવે યોજન સુધીની ભૂમિમાં સુગંધી જળની વૃષ્ટિ થાય છે તેવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

९४ नमो योजनाजानुपुष्पोच्चयाय,
नमोऽवस्थितश्मश्रूकेशादिकाय ।
नमस्ते सुपञ्चेन्द्रियार्थोदयाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२६॥

એક યોજન સુધી જાનુપ્રમાણ પુષ્પવૃષ્ટિ જેમના પ્રભાવે થાય છે, જેમના દાઢી-મૂછ-વાળ પણ વધતા નથી, જેમને પાંચે ઈન્દ્રિયના વિષયો અનુકૂળ થાય છે તેવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૯૫ नमो नाकिकोट्याऽविविक्तान्तिकाय,
नमो दुन्दुभिप्रष्टभूमित्रिकाय ।
नमोऽभ्रंलिहाग्रोदितेन्द्रध्वजाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२७॥

એક કરોડ દેવોથી સદા સેવાતા, જેમની દેશનાસમયે ત્રણે લોકમાં દુંદુભિ વાગે છે, આકાશને આંબતા ઈન્દ્રધ્વજથી શોભતા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૯૬ नमः प्रातिहार्याष्टकालङ्कृताय,
नमो योजनव्याप्तवाक्यामृताय ।
नमस्ते विनाऽलङ्कृतिं सुन्दराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२८॥

અષ્ટ મહાપ્રાતિહાર્યથી અલંકૃત, યોજનગામી વાણીરૂપ અમૃતને આપનારા, અલંકારો વિના પણ સુંદર એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

૯૭ नमः क्लृप्ततीर्थस्थितिस्थापनाय,
नमः सच्चतुःसङ्घसत्यापनाय ।
नमस्ते चतुर्भेदधर्मार्पकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥२९॥

શાસનની સ્થાપના કરનારા, ચાર પ્રકારના સંઘને સ્થાપનારા, ચાર પ્રકારના ધર્મને કહેનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

१०४ नमो बुद्धतत्त्वाय तद्बोधकाय,
नमः कर्ममुक्ताय तन्मोचकाय ।
नमस्तीर्णजन्माब्धये तारकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३०॥

તત્ત્વને જાણનારા અને તેનો બોધ પમાડનારા, કર્મથી મુક્ત અને તેનાથી મુક્ત કરાવનારા, સંસારસમુદ્રથી તરનારા અને બીજાને તારનારા એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

१०५ नमो लोकनाथाय लोकोत्तमाय,
नमस्ते त्रिलोकप्रदीपोपमाय ।
नमो निर्निदानं जनेभ्यो हिताय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३१॥

લોકોના નાથ, લોકમાં ઉત્તમ, ત્રણે લોકમાં દીપક સમાન, કોઈ આશંસા વિના જ સર્વ લોકોનું હિત કરનારા આપને વારંવાર નમસ્કાર થાઓ.

११८ नमस्ते प्रभो ! श्रीयुगादीश्वराय,
नमस्तेऽजिताय प्रभो ! सम्भवाय ।
नमो नाथ ! सैद्धार्थतीर्थेश्वराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३२॥

આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર પ્રભુ ! આપને નમસ્કાર થાઓ. શ્રી અજિતનાથ અને શ્રી સંભવનાથ પ્રભુ ! આપને નમસ્કાર થાઓ. સિદ્ધાર્થારાણીના પુત્ર શ્રી અભિનંદનસ્વામી ! આપને નમસ્કાર થાઓ. આપ સહુને વારંવાર નમસ્કાર થાઓ.

११९ नमो माङ्गलीयस्फुरन्मङ्गलाय,
नमस्ते महासद्मपद्मप्रभाय ।
नमस्ते सुपार्श्वाय चन्द्रप्रभाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३३॥

મંગળામાતાના પુત્ર અને મંગળરૂપ શ્રી સુમતિનાથ પ્રભુને, તેજસ્વી એવા શ્રી પદ્મપ્રભસ્વામીને, શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને શ્રી ચન્દ્રપ્રભસ્વામીને વારંવાર નમસ્કાર થાઓ.

१२० नमः पुष्पदन्ताय ते शीतलाय,
नमः श्रीजितेन्द्राय ते वैष्णवाय ।
नमो वासुपूज्याय पूज्याय सद्भिः,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३४॥

શ્રી પુષ્પદંત (સુવિધિનાથ) ભગવાનને, શ્રી શીતલનાથ ભગવાનને, જિતેન્દ્રિય અને વિષ્ણુ માતાના પુત્ર શ્રી શ્રેયાંસનાથ પ્રભુને, સજ્જનો વડે પૂજાયેલ શ્રી વાસુપૂજ્યસ્વામીને વારંવાર નમસ્કાર થાઓ.

१२१ नमः श्यामया सुप्रसूताय नेतः !,
नमोऽनन्तनाथाय धर्मेश्वराय ।
नमः शान्तये कुन्थुनाथाय तुभ्यं,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३५॥

શ્યામા માતાના સુપુત્ર ધર્મનાયક એવા શ્રી વિમલનાથ ભગવાન ! આપને નમસ્કાર હો. શ્રી અનંતનાથ ભગવાન, શ્રી ધર્મનાથ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી કુંથુનાથ ભગવાન ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

१२२ नमस्तेऽप्यराख्येश ! नम्रामराय,
नमो मल्लिदेवाय ते सुव्रताय ।
नमस्ते नमिस्वामिने नेमयेऽर्हन्,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३६॥

દેવો જેને નમેલા છે તેવા શ્રી અરનાથ ભગવાન ! આપને નમસ્કાર હો. શ્રી મલ્લિનાથ ભગવાન, શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન, શ્રી નમિનાથ ભગવાન અને શ્રી નેમિનાથ અરિહંત ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

१२३ नमस्ते प्रभो ! पार्श्वविश्वेश्वराय,
नमस्ते विभो ! वर्धमानाभिधाय ।
नमोऽचिन्त्यमाहात्म्यचिद्वैभवाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३७॥

વિશ્વેશ્વર શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! આપને નમસ્કાર હો. વર્ધમાન નામના હે વિભુ ! આપને નમસ્કાર હો. અચિંત્ય પ્રભાવ અને જ્ઞાનરૂપી વૈભવથી સમૃદ્ધ એવા આપને વારંવાર નમસ્કાર થાઓ.

१२५ नमोऽनागतोऽत्सर्प्पिणीकालभोगे,
चतुर्विंशतावेष्यदार्हन्त्यशक्त्यै ।
नमः स्वामिने पद्मनाभादिनाम्ने,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३८॥

આવતી ઉત્સર્પિણીમાં થનાર ચોવીસીમાં અરિહંતપણાને પામનારા શ્રી પદ્મનાભ વગેરે નામવાળા તીર્થંકર ભગવંતોને વારંવાર નમસ્કાર થાઓ.

१२६ दशस्वप्यथैवं नमः कर्मभूषु,
चतुर्विंशतौ ते नमोऽनन्तमूर्त्यै ।
नमोऽध्यक्षमूर्त्यै विदेहावनीषु,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥३९॥

આ પ્રમાણે દશે કર્મભૂમિઓમાં થયેલા અનંત ચોવીસ જિનેશ્વરોને અને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકરોને વારંવાર નમસ્કાર થાઓ.

૧૨૭ नमः प्रभो ! स्वामीसीमन्धराय,
नमस्तेऽधुनाऽऽर्हन्त्यलक्ष्मीवराय ।
नमः प्राग्विदेहावनीमण्डनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४०॥

પૂર્વ મહાવિદેહક્ષેત્રને શોભાવનારા, વર્તમાનમાં આર્હન્ત્યની લક્ષ્મીના સ્વામી એવા હે સીમંધરસ્વામી ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

૧૩૨ नमस्तीर्थराजाय तेऽष्टापदाय,
नमः स्वर्णरत्नार्हदर्चास्पदाय ।
नमस्ते नतश्राद्धविद्याधराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४१॥

સુવર્ણ-રત્નમય અરિહંતની પૂજનીય પ્રતિમાઓથી શોભતા, શ્રદ્ધાસંપન્ન વિદ્યાધરો વડે નમસ્કાર કરાયેલા અષ્ટાપદ તીર્થરાજને વારંવાર નમસ્કાર થાઓ.

૧૩૩ नमस्तीर्थसम्मेतशैलाह्वयाय,
नमो विंशतिप्राप्तनिःश्रेयसाय ।
नमः श्रव्यदिव्यप्रभावाश्रयाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४२॥

વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ, સાંભળવા યોગ્ય દિવ્ય પ્રભાવશાળી એવા સમ્મેતશિખર તીર્થને વારંવાર નમસ્કાર થાઓ.

१३४ नमश्चोज्जयन्ताद्रितीर्थोत्तमाय,
नमो जातनेमित्रिकल्याणकाय ।
नमः शोभितोद्धारसौराष्ट्रकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४३॥

નેમિનાથ પ્રભુના ત્રણ કલ્યાણકોની ભૂમિ, સૌરાષ્ટ્રને શોભાવનાર, ઉત્તમ એવા ગિરનાર તીર્થને વારંવાર નમસ્કાર થાઓ.

१३६ नमस्ते प्रभो ! पार्श्वशङ्खेश्वराय,
नमस्ते यशोगौरगोडीधराय ।
नमस्ते वरक्काणतीर्थेश्वराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४४॥

હે શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ ! આપને નમસ્કાર થાઓ. યશસ્વી એવા ગોડી પાર્શ્વનાથ અને વરકાણાતીર્થમંડન શ્રી પાર્શ્વનાથ પ્રભુને વારંવાર નમસ્કાર થાઓ.

१३७ नमस्तेऽन्तरिक्षाय वामाऽङ्गजाय,
नमः सुरतस्थाय ते दिग्गजाय ।
नमो नाथ ! जीराउलीमण्डनाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४५॥

વામામાતાના નંદન અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર થાઓ. સુરતમંડન દિગ્ગજ પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર હો. જીરાવલા પાર્શ્વનાથ પ્રભુ ! આપને વારંવાર નમસ્કાર થાઓ.

१३९ नमो वर्द्धमानप्रभोः शासनाय,
नमश्चतुर्वर्णसङ्घाय नित्यम् ।
नमो मन्त्रराजाय ते ध्येयपञ्च !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४६॥

વર્ધમાનપ્રભુના શાસનને નમસ્કાર થાઓ. ચતુર્વિધ શ્રી સંઘને સદા નમસ્કાર થાઓ. પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ નવકાર મંત્રાધિરાજ ! આપને વારંવાર નમસ્કાર થાઓ

१४० नमो जैनसिद्धान्तदुग्धार्णवाय,
नमोऽनेकतत्त्वार्थरत्नाश्रयाय ।
नमो हृद्यविद्येन्दिरासुन्दराय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥४७॥

અનેક તત્ત્વ અને અર્થરૂપી રત્નોની ખાણ, સુંદર જ્ઞાન-લક્ષ્મીથી શોભતાં એવા જૈન આગમરૂપ ક્ષીરસમુદ્રને નમસ્કાર થાઓ.

## ~~ रत्नाकरसूरिविरचिता रत्नाकरपञ्चविंशतिका ~~

१ श्रेयःश्रियां मङ्गलकेलिसद्म !,
नरेन्द्रदेवेन्द्रनताङ्घ्रिपद्म ! ।
सर्वज्ञसर्वातिशयप्रधान !,
चिरं जय ज्ञानकलानिधान ! ॥४८॥

મંદિર છો મુક્તિતણી, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળાતણા.

२ जगत्त्रयाधार ! कृपावतार !,
दुर्वारसंसारविकारवैद्य ! ।
श्रीवीतराग ! त्वयि मुग्धभावाद्,
विज्ञप्रभो ! विज्ञपयामि किञ्चित् ॥४९॥

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખોતણા;
વીતરાગ ! વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું.

३ किं बाललीलाकलितो न बालः,
पित्रोः पुरो जल्पति निर्विकल्पः ?
तथा यथाऽर्थं कथयामि नाथ !,
निजाशयं सानुशयस्तवाग्रे ॥५०॥

શું બાળકો મા-બાપ પાસે, બાળક્રીડા નવ કરે ?,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?;
તેમ જ તમારી પાસ તારક ! આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી.

४ दत्तं न दानं परिशीलितं च,
न शालि शीलं न तपोऽभितप्तम् ।
शुभो न भावोऽप्यभवद् भवेऽस्मिन्,
विभो ! मया भ्रान्तमहो ! मुधैव ॥५१॥

મેં દાન તો દીધું નહીં, ને શીયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવ્યો નહીં;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ ! નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું.

५ दग्धोऽग्निना क्रोधमयेन दष्टो,
दुष्टेन लोभाख्यमहोरगेण ।
ग्रस्तोऽभिमानाजगरेण माया-
जालेन बद्धोऽस्मि कथं भजे त्वाम् ? ॥५२॥

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને;
મન મારું માયાજાળમાં, મોહન ! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.

६ कृतं मयाऽमुत्र हितं न चेह-
लोकेऽपि लोकेश ! सुखं न मेऽभूत् ।
अस्मादृशां केवलमेव जन्म,
जिनेश ! जज्ञे भवपूरणाय ॥५३॥

મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહીં;
જન્મો અમારા જિનજી !, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા.

૭ मन्ये मनो यन्न मनोज्ञवृत्तं,
त्वदास्यपीयूषमयूखलाभात् ।
द्रुतं महाऽऽनन्दरसं कठोरम्,
अस्मादृशां देव तदश्मतोऽपि ॥५४॥

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ !,
ભીંજાય નહીં મુજ મન અરેરે !, શું કરું હું તો વિભુ ?;
પત્થર થકી પણ કઠણ મારું, મન ખરે ક્યાંથી દ્રવે ?,
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે.

૮ त्वत्तः सुदुष्प्राप्यमिदं मयाऽऽप्तं,
रत्नत्रयं भूरिभवभ्रमेण ।
प्रमादनिद्रावशतो गतं तत्,
कस्याग्रतो नायक ! पूत्करोमि ? ॥५५॥

ભમતાં મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ ! કહું છું ખરું,
કોની કને કિરતાર ! આ, પોકાર હું જઈને કરું ?.

९ वैराग्यरङ्गो परवञ्चनाय,
धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याऽध्ययनं च मेऽभूत्,
कियद् ब्रुवे हास्यकरं स्वमीश !? ॥५६॥

ઠગવા વિભુ ! આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?,
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું.

१० परापवादेन मुखं सदोषम्,
नेत्रं परस्त्रीजनवीक्षणेन ।
चेतः परापायविचिन्तनेन,
कृतं भविष्यामि कथं विभोऽहम् ? ॥५७॥

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે ?, ચાલાક થઈ ચૂક્યો ઘણું.

११ विडम्बितं यत्स्मरघस्मरार्ति-
दशावशात् स्वं विषयान्धलेन ।
प्रकाशितं तद्भवतो ह्रियैव,
सर्वज्ञ ! सर्वं स्वयमेव वेत्सि ॥५८॥

કરે કાળજાને કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને.

१२ ध्वस्तोऽन्यमन्त्रैः परमेष्ठिमन्त्रः,
कुशास्त्रवाक्यैर्निहताऽऽगमोक्तिः ।
कर्तुं वृथा कर्म कुदेवसङ्गाद्,
अवाञ्छि ही नाथ ! मतिभ्रमो मे ॥५९॥

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા.

१३ विमुच्य दृग्लक्ष्यगतं भवन्तम्,
ध्याता मया मूढधिया हृदन्तः ।
कटाक्षवक्षोजगभीरनाभि-,
कटीतटीयाः सुदृशां विलासाः ॥६०॥

આવેલ દૃષ્ટિમાર્ગમાં, મૂકી મહાવીર ! આપને,
મેં મૂઢધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ.

१४ लोलेक्षणावक्त्रनिरीक्षणेन,
यो मानसे रागलवो विलग्नः ।
न शुद्धसिद्धान्तपयोधिमध्ये,
धौतोऽप्यगात् तारक ! कारणं किम् ? ॥६१॥

મૃગનયની સમ નારી તણા, મુખચંદ્ર નિરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ?

१५ अङ्गं न चङ्गं न गणो गुणानां,
न निर्मलः कोऽपि कलाविलासः ।
स्फुरत्प्रभा न प्रभुता च काऽपि,
तथाऽप्यहङ्कारकदर्थितोऽहम् ॥६२॥

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસકળાતણી, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ !, અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરું.

१६ आयुर्गलत्याशु न पापबुद्धिः,
गतं वयो नो विषयाभिलाषः ।
यत्नश्च भैषज्यविधौ न धर्मे,
स्वामिन् ! महामोहविडम्बना मे ॥६३॥

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું.

१७ नात्मा न पुण्यं न भवो न पापं,
मया विटानां कटुगीरपीयम् ।
अधारि कर्णे त्वयि केवलार्के,
पुरः स्फुटे सत्यपि देव ! धिङ्माम् ॥६४॥

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી, કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી ! તો પણ અરે !,
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે.

१८ न देवपूजा न च पात्रपूजा,
न श्राद्धधर्मश्च न साधुधर्मः ।
लब्ध्वाऽपि मानुष्यमिदं समस्तं,
कृतं मयाऽरण्यविलापतुल्यम् ॥६५॥

મેં ચિત્તથી નહીં દેવની કે, પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ ! નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું.

૧૯ चक्रे मयाऽसत्स्वपि कामधेनु-
कल्पद्रुचिन्तामणिषु स्पृहार्त्तिः ।
न जैनधर्मे स्फुटशर्मदेऽपि,
जिनेश ! मे पश्य विमूढभावम् ॥६६॥

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ ! કર કરુણા કંઈ.

૨૦ सद्भोगलीला न च रोगकीला,
धनागमो नो निधनागमश्च ।
दारा न कारा नरकस्य चित्ते,
व्यचिन्ति नित्यं मयकाऽधमेन ॥६७॥

મેં ભોગ સારા ચિંતવ્યા તે, રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઈચ્છ્યું ધનતણું પણ, મૃત્યુને પ્રીછ્યું નહિ;
નહિ ચિંતવ્યું મેં નરક કારા-ગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો.

૨૧ स्थितं न साधोर्हृदि साधुवृत्तात्,
परोपकारान्न यशोऽर्ज्जितं च ।
कृतं न तीर्थोद्धरणादिकृत्यं ,
मया मुधा हारितमेव जन्म ॥६८॥

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે ! આ લક્ષ, ચોરાશી તણા ફેરા ફર્યા.

२२ वैराग्यरङ्गो न गुरूदितेषु,
न दुर्जनानां वचनेषु शान्तिः ।
नाध्यात्मलेशो मम कोऽपि देव !,
तार्यः कथङ्कारमयं भवाब्धिः ? ॥६९॥

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને ?;
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ?

२३ पूर्वे भवेऽकारि मया न पुण्यम्,
आगामिजन्मन्यपि नो करिष्ये ।
यदीदृशोऽहं मम तेन नष्टा,
भूतोद्भवद्भाविभवत्रयीश ! ॥७०॥

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે ? હે નાથજી !;
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે, ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો.

૨૪ किं वा मुधाऽहं बहुधा सुधाभुक्-
पूज्य ! त्वदग्रे चरितं स्वकीयम् ।
जल्पामि यस्मात् त्रिजगत्स्वरूप-
निरूपकस्त्वं कियदेतदत्र ? ॥७१॥

અથવા નકામું આપ પાસે, નાથ ! શું બકવું ઘણું ?,
હે દેવતાના પૂજ્ય ! આ, ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો, માહરું શું માત્ર આ ?,
જ્યાં ક્રોડનો હિસાબ નહીં ત્યાં, પાઈની તો વાત ક્યાં ?

૨૫ दीनोद्धारधुरन्धरस्त्वदपरो नास्ते मदन्यः कृपा-
पात्रं नात्र जने जिनेश्वर ! तथाऽप्येतां न याचे श्रियम् ।
किन्त्वर्हन्निदमेव केवलमहो ! सद्बोधिरत्नं शिवं,
श्रीरत्नाकर ! मङ्गलैकनिलय ! श्रेयस्करं प्रार्थये ॥७२॥

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ !,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ !;
મુક્તિ મંગળસ્થાન ! તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન *શ્યામજીવને*, તો તૃપ્તિ થાયે ઘણી.

~~ कुमारपालभूपालविरचिता आत्मनिन्दाद्वात्रिंशिका ~~

४ तव स्तवेन क्षयमङ्गभाजां,
भजन्ति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चण्डरुचेर्मरीचि-
स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ? ॥७३॥

તારી સ્તવનાથી જીવોના અનેક જન્મોનાં ભેગાં કરેલાં પાપો નાશ પામે છે. સૂર્યના કિરણોનો સમૂહ પ્રગટ થયા પછી અંધારું ક્યાં સુધી ટકે ?

५ शरण्य ! कारुण्यपरः परेषां,
निहंसि मोहज्वरमाश्रितानाम् ।
मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना,
शान्ति न यात्येष कुतोऽपि हेतोः ॥७४॥

હે શરણદાતા ! બીજા પર કરુણાવંત એવા આપ આશ્રિતોના મોહજ્વરને હણો છો. તો પણ આપની આજ્ઞાને માથે ચડાવનાર મારો આ મોહજ્વર કોઈપણ કારણે શાંત નથી થતો.

६ भवाटवीलङ्घनसार्थवाहं,
त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषायचौरैर्जिन ! लुण्ट्यमानं,
रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥७५॥

મોક્ષમાં જવા ઇચ્છતા મેં સંસારરૂપ જંગલને ઓળંગવામાં સાર્થવાહરૂપ આપનું શરણું લીધું છે, તો પછી હે ભગવન્ ! કષાયરૂપ ચોરો વડે લૂંટાતા મારા રત્નત્રયીરૂપ ધનની ઉપેક્ષા કેમ કરો છો ?

૭ लब्धोऽसि स त्वं मयका महात्मा,
भवाम्बुधौ बम्भ्रमता कथञ्चित् ।
आः ! पापपिण्डेन नतो न भक्त्या,
न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥७६॥

સંસારસમુદ્રમાં રખડતા મને કોઈ પુણ્યના ઉદયે તમારા જેવા મહાત્મા મળી ગયા. પણ અરે ! પાપી એવા મેં તમને ભક્તિથી નમસ્કાર ન કર્યા, ન પૂજા કરી, ન સ્તવના કરી.

૮ संसारचक्रे भ्रमयन् कुबोध-
दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं,
ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ॥७७॥

કર્મરૂપી કુંભાર, મને સંસારરૂપી ચાકડામાં ભમાવીને મિથ્યાજ્ઞાનરૂપ દંડ વડે દુઃખોથી ભરેલા ઘડા જેવો કરે છે. હે જગતના શરણદાતા પ્રભુ ! મારું તેનાથી રક્ષણ કરો.

९ कदा त्वदाज्ञाकरणाप्ततत्त्वः,
त्यक्त्वा ममत्वादि भवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्तिः,
मोक्षेऽप्यनिच्छो भविताऽस्मि नाथ !? ॥७८॥

હે નાથ ! ક્યારે હું તારી આજ્ઞાપાલનથી તત્ત્વજ્ઞાન પામીને, સંસારના મૂળરૂપ મમત્વ વગેરેને છોડીને, આત્મામાં જ લીન, નિઃસ્પૃહ, મોક્ષની પણ ઈચ્છા વિનાનો થઈશ ?

११ एतावतीं भूमिमहं त्वदङ्घ्रि-
पद्मप्रसादाद् गतवान् अधीश !
हठेन पापास्तदपि स्मराद्या,
ही ! मामकार्येषु नियोजयन्ति ॥७९॥

હે સ્વામી ! હું આટલું (ધર્મસામગ્રી) તમારા ચરણકમળની કૃપાથી પામ્યો છું. તો પણ કામવાસના વગેરે પાપો મને પરાણે અકાર્ય કરાવે છે.

१२ भद्रं न किं त्वय्यपि नाथ ! नाथे,
सम्भाव्यते मे यदपि स्मराद्याः ? ।
अपाक्रियन्ते शुभभावनाभिः,
पृष्ठिं न मुञ्चन्ति तथाऽपि पापाः ॥८०॥

હે નાથ ! તમારા જેવા નાથ હોતે છતે, મારું કલ્યાણ કેમ નથી થતું ? હજુ કામવાસના વગેરે કેમ સતાવે છે ? શુભ ભાવનાથી દૂર કરવા છતાં તે પાપો મારો કેડો છોડતા નથી.

१३ भवाम्बुराशौ भ्रमतः कदाऽपि,
मन्ये न मे लोचनगोचरोऽभूः ।
निस्सीमसीमन्तकनारकादि-
दुःखातिथित्वं कथमन्यथेश !? ॥८१॥

હે સ્વામી ! હું માનું છું કે સંસારસમુદ્રમાં રખડતા મારી આંખોને તમારા દર્શન જ ક્યારેય થયા નથી. નહીં તો સીમંતક વગેરે નરકની અપાર વેદના મારે કેમ ભોગવવી પડે ?

१४ चक्रासिचापाङ्कुशवज्रमुख्यैः,
सल्लक्षणैर्लक्षितमङ्घ्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि,
दुर्वारमोहादिविपक्षभीतः ॥८२॥

હે નાથ ! દુર્જેય મોહાદિ શત્રુઓથી ડરીને ચક્ર, તલવાર, ધનુષ, અંકુશ, વજ્ર વગેરે શુભ લક્ષણોયુક્ત તારા ચરણયુગલના શરણે હું આવ્યો છું.

१५ अगण्यकारुण्य ! शरण्य ! पुण्य !
सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ ! ।
दीनं हताशं शरणागतं च,
मां रक्ष रक्ष स्मरभिल्लमल्लैः ॥८३॥

હે અપાર કરુણાના સ્વામી ! શરણદાતા ! પુણ્યવાન્ ! સર્વજ્ઞ ! સર્વથા દોષ રહિત ! વિશ્વના નાથ ! દીન, હતાશ અને શરણે આવેલા મારું આપ કામરૂપી ભીલોથી રક્ષણ કરો.

૧૬ त्वया विना दुष्कृतचक्रवालं,
नान्यः क्षयं नेतुमलं ममेश ! ।
किं वा विपक्षप्रतिचक्रमूलं,
चक्रं विना छेत्तुमलम्भविष्णुः ? ॥८४॥

હે સ્વામી ! મારા પાપોના સમૂહનો તારા વિના કોઈ નાશ કરી શકે તેમ નથી. શું શત્રુના ચક્રવ્યૂહને હણવા ચક્ર વિના કોઈ સમર્થ થાય ?

૧૭ यद्देवदेवोऽसि महेश्वरोऽसि,
बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।
तेनान्तरङ्गारिगणाभिभूतः,
तवाग्रतो रोदिमि हा ! सखेदम् ॥८५॥

તમે દેવાધિદેવ છો, મહેશ્વર છો, જ્ઞાની છો, ત્રણે વિશ્વના નાથ છો. એટલે આંતરશત્રુઓથી પરાજિત થયેલો હું તમારી પાસે દુઃખથી રડું છું.

૧૮ स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा,
मनः समाधौ निदधामि यावत् ।
तावत् क्रुधेवान्तरवैरिणो माम्,
अनल्पमोहान्ध्यवशं नयन्ति ॥८६॥

હે સ્વામી ! હજુ તો અધર્મની કુટેવોને છોડીને મનને સમાધિમાં લઈ જાઉં છું, ત્યાં તો ગુસ્સે થયેલા આંતરશત્રુઓ મને મહામોહને વશ કરી દે છે.

१९ त्वदागमाद्वेद्मि सदैव देव !
मोहादयो यन्मम वैरिणोऽमी ।
तथाऽपि मूढस्य परासबुद्ध्या,
तत्सन्निधौ ही न किमप्यकृत्यम् ॥८७॥

હે દેવ ! તમારા આગમોથી જ જાણું છું કે આ મોહ વગેરે મારા શત્રુઓ છે, તો પણ તેમનામાં શ્રેષ્ઠ આપ્ત-(વિશ્વાસપાત્ર)ની બુદ્ધિથી મૂઢ બનેલા મારા માટે તેમને આધીન થઈને કશું જ અકાર્ય નથી રહેતું.

२० म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च,
विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर !
त्रायस्व मां यत्तव पादलीनम् ॥८८॥

આ મ્લેચ્છ - ક્રૂર - રાક્ષસ જેવા મોહ વગેરે વડે હું અનેકવાર વિડંબના પામ્યો છું. ત્રણ ભુવનમાં એક માત્ર વીર ! હવે તમે મળ્યા છો, તમારા શરણે આવેલા મારું રક્ષણ કરો.

२१ हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं,
श्रद्धापवित्रीकृतसद्विवेकः ।
मुक्तान्यसङ्गः समशत्रुमित्रः,
स्वामिन् ! कदा संयममातनिष्ये ? ॥८९॥

હે સ્વામી ! હું ક્યારે શરીર પરના મમત્વને છોડીને, શ્રદ્ધાથી સુંદર બનેલા વિવેકવાળો થઈને, પરપદાર્થના સંગથી મુક્ત થઈને, શત્રુ-મિત્રને સમાન ગણીને સંયમ લઈશ ?

૨૨ त्वमेव देवो मम वीतराग !
धर्मो भवद्दर्शितधर्म एव ।
इति स्वरूपं परिभाव्य तस्माद्,
नोपेक्षणीयो भवता स्वभृत्यः ॥९०॥

હે વીતરાગ ! તમે જ મારા દેવ છો અને તમે બતાવેલ ધર્મ જ મારો ધર્મ છે. એ વાસ્તવિકતા વિચારીને આપે આપના સેવક એવા મારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

૨૩ जिता जिताशेषसुराऽसुराद्याः,
कामादयः काममभी त्वयेश ! ।
त्वां प्रत्यशक्तास्तव सेवकं तु,
निघ्नन्ति ही मां परुषं रुषेव ॥९१॥

હે સ્વામી ! સર્વ સુરાસુરોને પણ જીતનારા કામ વગેરેને પણ તમે સહજતાથી જીતી લીધા છે. તમને હેરાન કરવામાં અસમર્થ એવા તેઓ ગુસ્સે થઈને તમારા સેવક એવા મને અત્યંત હેરાન કરે છે.

૨૪ सामर्थ्यमेतद्भवतोऽस्ति सिद्धिं,
सत्त्वानशेषानपि नेतुमीश ! ।
क्रियाविहीनं भवदङ्घ्रिलीनं,
दीनं न किं रक्षसि मां शरण्य ! ? ॥९२॥

હે સ્વામી ! તમારી એ શક્તિ છે કે સર્વ જીવોને મોક્ષે લઈ જઈ શકો. તો પછી હે શરણદાતા ! તમારા ચરણે આવેલા, ક્રિયાહીન અને દીન એવા મારું રક્ષણ કેમ કરતા નથી ?

૨૫ त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र !,
स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयीश्रीरपि नूनमेति,
तत्राश्रयार्थं सहचारिणीव ॥९३॥

હે જિનેન્દ્ર ! જે માણસના હૃદયમાં સદા તમારા ચરણકમળનું ધ્યાન છે, ત્રણે જગતની લક્ષ્મી પત્નીની જેમ તેનો આશ્રય કરે છે.

૨૬ अहं प्रभो ! निर्गुणचक्रवर्ती,
क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।
ही दुःखराशौ भववारिराशौ,
यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ॥९४॥

હે પ્રભુ ! હું નિર્ગુણોમાં ચક્રવર્તી, ક્રૂર, દુષ્ટ, હિંસક અને પાપી છું. તેથી જ આપના વિના દુઃખભરપૂર સંસારસમુદ્રમાં ડૂબ્યો છું.

२७ स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे,
यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे,
पुंसामसाध्यो न हि कश्चिदर्थः ॥९५॥

હે સ્વામી ! આજે મારી આંખોને આપનું દર્શન થયું, તેથી અમૃતના સાગરમાં ડૂબી ગયો છું. જેના હાથમાં ચિંતામણિ હોય, તે માણસ માટે કશું અસાધ્ય નથી.

२८ त्वमेव संसारमहाम्बुराशौ,
निमज्जतो मे जिन ! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम,
विमुक्तिरामाघटनाऽभिरामः ॥९६॥

હે જિનેશ્વર ! સંસારસમુદ્રમાં ડૂબતાં મારા માટે તમે જ વહાણ છો. મોક્ષરૂપી લક્ષ્મી સાથે જોડાવાથી સુંદર બનેલા એવા તમે જ મારા માટે શ્રેષ્ઠ સુખના એકમાત્ર કારણ છો.

२९ चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ,
कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः ।
नमस्कृतो येन सदाऽपि भक्त्या,
स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥९७॥

હે જિનેશ્વર ! જે સદા તમને ભક્તિથી નમસ્કાર કરે છે, સ્તોત્રોથી સ્તુતિ કરે છે, પુષ્પોથી પૂજા કરે છે; તેના હાથમાં જ ચિંતામણિ છે, ઘરના આંગણે જ કલ્પવૃક્ષ છે.

३२ भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः,
शिवनगरकुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहम् ।
न हि गुणमगुणं वा संश्रितानां महान्तो,
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥९८॥

હે નાથ ! નિર્ગુણ એવા મને પણ સંસારસમુદ્રથી તારીને મોક્ષનગરનો નિવાસી બનાવ. અજોડ કરુણાવંત એવા મહાપુરુષો, આશ્રિતોના ગુણ-અવગુણનો જરા પણ વિચાર કરતા નથી.

३३ प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता,
निर्वाणप्रतिभुरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः ।
तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये,
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद् वर्द्धमानो मम ॥९९॥

હે સ્વામી ! ઘણા પુણ્યોથી ત્રણે જગતના મુકુટ સમાન આપ દેવરૂપે મળ્યા અને શ્રી હેમચંદ્રસૂરિજી મોક્ષમાર્ગના સાર્થવાહ ગુરુ મળ્યા છે. હવે તેના સિવાયની બીજી કોઈ વસ્તુ નથી કે જેની માંગણી કરું; પરંતુ એટલું જ માગું છું કે દરેક ભવે તમારા વચનનું બહુમાન વધતું રહે !

## ~~ श्रीगौतमाष्टकम् ~~

१ श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रं,
पृथ्वीभवं गौतमगोत्ररत्नम् ।
स्तुवन्ति देवासुरमानवेन्द्राः,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१००॥

વસુભૂતિ અને પૃથ્વીના પુત્ર, ગૌતમગોત્રમાં જન્મેલા જે ઇન્દ્રભૂતિ ગૌતમની દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રો સ્તુતિ કરે છે તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

२ श्रीवर्धमानात् त्रिपदीमवाप्य,
मुहूर्तमात्रेण कृतानि येन ।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०१॥

શ્રી વર્ધમાનસ્વામી પાસેથી ત્રિપદી પામીને એક મુહૂર્તમાં જેમણે અગિયાર અંગ અને ચૌદ પૂર્વોની રચના કરી, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

३ श्रीवीरनाथेन पुरा प्रणीतम्,
मन्त्रं महानन्दसुखाय यस्य ।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०२॥

બધા આચાર્ય ભગવંતો મોક્ષસુખ માટે શ્રી વીરસ્વામીએ પૂર્વે રચેલ જેમના મંત્રનું ધ્યાન ધરે છે, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

૪ यस्याभिधानं मुनयोऽपि सर्वे,
गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले ।
मिष्टान्नपानाम्बरपूर्णकामाः,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०३॥

સહુ મુનિઓ ગોચરી વહોરવા જતી વખતે જેમનું નામ લે છે અને ઇચ્છિત આહાર-પાણી-વસ્ત્ર મેળવે છે, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

૫ अष्टापदाद्रौ गगने स्वशक्त्या,
ययौ जिनानां पदवन्दनाय ।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०४॥

દેવો પાસેથી તીર્થનો મહિમા સાંભળીને જેઓ પ્રભુના પગલાંને (ઉપલક્ષણથી જિનપ્રતિમાઓને) વંદન કરવા માટે અષ્ટાપદ પર્વત પર પોતાની લબ્ધિથી આકાશમાં ચાલીને ગયા, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

६ त्रिपञ्चसङ्ख्याशततापसानाम्,
तपःकृशानामपुनर्भवाय ।
अक्षीणलब्ध्या परमान्नदाता,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०५॥

મોક્ષ માટેના તપથી કૃશ થયેલા પંદરસો તાપસોને અક્ષીણમહાનસ લબ્ધિથી ખીર વપરાવનાર શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

७ सदक्षिणं भोजनमेव देयं,
साधर्मिकं सङ्घसपर्ययेति ।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनाम्,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०६॥

સાધર્મિકને શ્રીસંઘભક્તિથી દક્ષિણા સહિત જ ભોજન આપવું જોઈએ. એટલે જેઓએ મુનિઓને કેવલજ્ઞાનરૂપી વસ્ત્ર ભોજનકાલે દક્ષિણારૂપે આપ્યું, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

८ शिवं गते भर्तरि वीरनाथे,
युगप्रधानत्वमिहैव मत्वा ।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः,
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥१०७॥

શ્રી વીરપ્રભુ મોક્ષે ગયા પછી દેવેન્દ્રોએ યુગપ્રધાન માનીને જેમને પાટે સ્થાપ્યા, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.

९ श्रीगौतमस्याष्टकमादरेण,
प्रबोधकाले मुनिपुङ्गवा ये ।
पठन्ति ते सूरिपदं च देवा-
नन्दं लभन्ते सुतरां क्रमेण ॥१०८॥

સવારના ઊઠતી વખતે જે મુનિઓ ગૌતમસ્વામીનું આ અષ્ટક બહુમાનપૂર્વક બોલે છે, તેઓ અનુક્રમે આચાર્યપદ અને દેવલોકના સુખો પામે છે.